મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૫-૦૨-૨૦૨૫
મંગળવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૨૪
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે આ પહેલના અસરકારક અમલીકરણ દ્વારા ખેડૂતોનું આર્થિક સશક્તિકરણ સુનિશ્ચિત કર્યું

# પ્રધાનમંત્રી કિશાન સન્માન નિધિ યોજના હેઠળ ગુજરાતના ૬૬.૫૫ લાખ ખેડૂતોને રૂપિયા ૧૮૮૦૦ કરોડની આર્થિક 'સહાય' અપાઈ

**લાભાર્થી ખેડૂતો પીએમ-કિશાન પોર્ટલ પર પેમેન્ટ ચકાસી શકે**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

૨૦૧૯માં વડાપ્રધાનએ અન્નદાતા એટલે કે ખેડૂતોના સશક્તિકરણ માટે એક ક્રાંતિકારી નિર્ણય લીધો અને પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના શરૂ કરી, જે હેઠળ દેશના તમામ નાના ખેડૂતોના બેંક ખાતામાં વાર્ષિક રૂ.૬૦૦૦ની નાણાંકીય સહાય આપવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે આ પહેલના અસરકારક અમલીકરણ દ્વારા ખેડૂતોનું આર્થિક સશક્તિકરણ સુનિશ્ચિત કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના શરૂ થઈ ત્યારથી અત્યારસુધીમાં એટલે કે ૬ વર્ષમાં રાજ્યના ૬૬.૬૫ લાખ ખેડૂતોને રૂ?૮,૮૧૩.૭૧ કરોડની આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે.પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના લાભ પાત્ર ખેડૂતો સુધી પહોંચે એ સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારે મલ્ટી-લેવલ વેરિફિકેશન સિસ્ટમ લાગુ કરી છે. આ પ્રણાલીનો ઉદ્દેશ યોજનાના અમલીકરણમાં પારદર્શિતા અને જવાબદારી જાળવવાનો છે. ૧૨મા હપ્તાથી જમીન વાવણીને ફરજિયાત બનાવવામાં આવી છે, જેથી ફક્ત પાત્રતા ધરાવતા ખેડૂતો જ આ યોજનાનો લાભ મેળવી શકે. આ અંતર્ગત, ખેડૂતોએ પોતાની જમીનને પોર્ટલ સાથે જોડવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

આ યોજનાના પારદર્શક અમલીકરણ માટે ૧૩મા હપ્તાથી આધાર લિંકિંગ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) સિસ્ટમ ફરજિયાત બનાવવામાં આવી હતી, જેના દ્વારા નાણાંકીય સહાય સીધી ખેડૂતોના આધાર સાથે જોડાયેલા બેંક ખાતાઓમાં મોકલવામાં આવે છે. ૧૫મા હપ્તાથી ઈ-કેવાયસીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી, જેનાથી યોજનાના લાભાર્થીઓની ઓળખ અને સુરક્ષામાં વધારો થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ ચીંધેલા માર્ગે ચાલીને રાજ્ય સરકારે પણ સમગ્ર કૃષિ ક્ષેત્રને સમયાનુકૂળ બનાવવા અનેક પહેલ કરી છે.

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ આપવામાં આવતી નાણાંકીય સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. લાભાર્થી ખેડૂતો પીએમ-કિસાન પોર્ટલ પર તેમનું પેમેન્ટ સ્ટેટસ ચકાસી શકે છે. આ પોર્ટલ પર તેઓને બેંકનું નામ, એકાઉન્ટ નંબર, વ્યવહારની તારીખ અને યુટીઆર નંબર જેવી વિગતો જોવા મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વ અને માર્ગદર્શનમાં સરકાર બીજથી બજાર સુધી ખેડૂતોની સાથે ઊભી રહી છે. નાના ખેડૂતો માટે કિસાનહિત અભિગમથી શરૂ થયેલી કિસાન સન્માન નિધિ યોજના તેમના માટે આશીર્વાદરૂપ બની છે. તેમણે કહ્યું કે, જો નિયત નેક અને સેવાની ભાવના હોય તો કિસાન હિતકારી અને જનસેવા લક્ષી કામો કેવી ગતિએ થઈ શકે તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને દુનિયાને બતાવ્યું છે.



### શારીરીક રીતે અશકત રાહદારી અન્ય એક વ્યક્તિની મદદથી રોડ ક્રોસ કરી રહ્યા હતા

## ઊંઝા હાઈવે પર રસ્તો ઓળંગી રહેલા રાહદારીને ટક્કર મારતાં ઘટના સ્થળે જ કરૂણ મોત થયું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

ઊંઝા હાઈવે પર રાવલ પેટ્રોલપંપ સામે ૨૩ ફેબ્રુઆરીની રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. શારીરિક અશક્ત વ્યક્તિ અન્યની મદદથી રોડ ક્રોસ કરી રહ્યો હતો, તે સમયે પૂરઝડપે આવતા અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારી હતી. ટ્રકચાલકે પૂર ઝડપે ટ્રક ચલાવી રોડ ક્રોસ કરી રહેલા એક રાહદારીને કચડી નાખ્યો હતો. જો કે, મદદ કરનાર યુવકે સતર્કતા બતાવતાં તેનો ચમત્કારિક બચાવ થયો હતો.

CCTVમાં જોઈ શકાય છે કે, મહેસાણા-ઊંઝા હાઈવે પર અજાણ્યા વાહનચાલકે એક અજાણ્યા રાહદારીને કચડી નાખ્યો હતો. શારીરિક રીતે અશક્ત રાહદારી અન્ય એક વ્યક્તિની મદદથી રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે, ટ્રકચાલકે રાહદારીને ટક્કર મારી તેને કચડી નાખ્યો હતો. એટલું જ નહિ તેના શરીર પરથી વાહન ચલાવી ફરાર થઈ ગયો હતો. તે સમયે રાહદારીની મદદ કરનાર વ્યક્તિ તો સજાગ બની દોડી ગયો અને બચી ગયો પણ, શારીરિક રીતે અશક્ત રાહદારીનું સ્થળ પર જ મોત




થઈ ગયું હતું.

અકસ્માત એટલો ભયાનક હતો કે, ૪૦ વર્ષીય રાહદારીના કમર અને પગના વચ્ચેના ભાગેથી ટાયર ફરી વળતાં ગંભીર ઈજાઓને કારણે રાહદારીનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. જો કે, વાહનચાલક અકસ્માત સર્જીને ફરાર થઈ ગયો હતો. રાવલ પેટ્રોલપંપ પાસેની ઘટના આ સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. ઊંઝા પોલીસે ઝઝૂફના આધારે વાહનચાલક અને મૃત્યુ પામનારની ઓળખ હાથ ધરી છે. પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી લીધો છે. કેસની વધુ તપાસ PSI એસ.વી. પઢારિયા કરી રહ્યા છે.

### મહેસાણા જિલ્લાના બોરિયાવી ગામના વતની

## દિનેશભાઈ ચૌધરીને પીએસઆઈમાંથી પીઆઈ તરીકે બઢતી મળતાં આવકાર

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

મહેસાણા જિલ્લાના બોરિયાવી ગામના વતની દિનેશકુમાર હેમરાજભાઈ ચૌધરીને પીએસઆઈમાંથી પીઆઈ તરીકે બઢતી મળતાં મિત્રો તથા શુભેચ્છકો દ્વારા સાર્વત્રિક આવકાર-અભિનંદનની વર્ષા થઈ રહી છે.

દિનેશભાઈ ચૌધરી હાલમાં પાટણમાં પીઆઈ તરીકે ફરજ બજાવી રહ્યા છે. યુવાન, ઉત્સાહિ એવા દિનેશભાઈ ચૌધરી પોતાની ફરજ નિષ્ઠા અને પુરી વફાદારીથી નિભાવી રહ્યા છે. અગાઉ તેઓ સીઆઈએસએફમાં પણ ફરજ બજાવી ચૂકયા છે. ત્યાં પણ તેઓએ પોતાની ફરજ નિષ્ઠા અને કર્તવ્યથી નીભાવી હતી. દિનેશભાઈ ચૌધરી પીએસઆઈમાંથી પી.આઈ. તરીકે



બઢતી મળતાં બોરિયાવી ગામ સહિત ચૌધરી સમાજનું ગૌરવ વધાર્યુ છે.

હાલ દિનેશભાઈ ચૌધરી પી.આઈ. તરીકે પાટણમાં ફરજ બજાવી રહ્યા છે. પાટણમાં દિનેશભાઈ ચૌધરીને પી.આઈ. તરીકે મુકવામાં આવતાં અસામાજિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

### હુમલામાં ઈજાગ્રસ્ત લોકોને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા

## વિજાપુરમાં એક્ટિવા ઘરની આગળ પાર્ક બાબતે વાંધો ઉઠાવી ગાળાગાળી કરીને પરિવારજનોની ઉપર હુમલો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

વિજાપુરના નાની ઓરવાડ વિસ્તારમાં એક્ટિવા પાર્કિંગને લઈને ગંભીર ઘટના સામે આવી છે. શેઠ અસફિયા બાનુએ વિજાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તેમના ઘરે પરિવારજનો હાજર હતા ત્યારે તેમની દુકાનનો કારીગર શેખ આસિફ સામાન મૂકવા માટે એક્ટિવા લઈને આવ્યો હતો. આ સમયે મોહલ્લામાં રહેતા વહોરા જકરીયા સબ્બીરભાઈ, વ્હોરા યાસમીનબાનુ સબ્બીરભાઈ, વ્હોરા હાજરાબાનુ જકરીયા અને વ્હોરા મોસીન સત્તરભાઈ ત્યાં આવ્યા હતા.

આરોપીઓએ એક્ટિવા તેમના ઘરની આગળ પાર્ક કરવા બાબતે વાંધો ઉઠાવ્યો હતો. તેઓ ઉશ્કેરાઈને



ગાળાગાળી કરવા લાગ્યા હતા. આરોપીઓએ બાજુમાં પડેલા ધોકા વડે કારીગર અને પરિવારજનો પર હુમલો કર્યો હતો.

દરમિયાન, અસફિયા બાનુના પિતા મહોમ્મદસફી ઘરે આવી પહોંચ્યા હતા અને તેમણે બધાને બચાવ્યા હતા. આરોપીઓએ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

હુમલામાં કારીગર શેખ આસિફને ઈજાઓ થતાં તેમને વિજાપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**વેચવાની છે**

ઇન્ડસઇન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ થ્રી વ્હીલર વેચવાના છે

GJ02YY9491
GJ08AW0758
GJ24X4393

સંપર્ક : પ્રવિણસિંહ ચૌહાણ
7358134749

### પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત

## મહેસાણાની ૧૦૧ ગ્રામ પંચાયતમાં ખાસ ગ્રામસભા યોજવામાં આવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

આજરોજ પી.એમ. કિસાન યોજના અંતર્ગત યોજાનાર ×કિસાન સન્માન સમારોહ×ના કાર્યક્રમની ઉજવણી મહેસાણા તાલુકાની ૧૦૧ ગ્રામ પંચાયતમાં ખાસ ગ્રામસભા યોજવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે પીએમ કિસાન સન્માન નિધી યોજના અંતર્ગત આજરોજ દેશના ખેડૂતોને રૂ.૨ હજારનો ૧૯ મો હપ્તો બિહારના ભાગલપુરથી આપવાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ સમગ્ર દેશમાં કરવામાં આવ્યું હતુ . જે પૈકી મહેસાણા જિલ્લામાં પણ ગ્રામ પંચાયતોમાં ખાસ ગ્રામસભા યોજવામાં આવી હતી. જે પૈકી મહેસાણા તાલુકાની ૧૦૧ ગ્રામ પંચાયતમાં ખાસ ગ્રામસભા યોજવામાં આવી હતી.

### કલેકટર એસ.કે .પ્રજાપતિની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાનો કિસાન સન્માન સમારોહ ગણપત યુનિવર્સિટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેરવા ખાતે યોજાયો

## ૧૫ લાભાર્થીઓને સહાય યોજના અંતર્ગત રૂ.૯.૨૬ લાખની સહાયના હુકમ વિતરણ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

આજરોજ કલેકટરશ્રી એસ.કે .પ્રજાપતિની અધ્યક્ષતામાં પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાનો કિસાન સન્માન સમારોહ ગણપત યુનિવર્સિટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેરવા ખાતે યોજાયો હતો. જેમાં ૧૫ લાભાર્થીઓને વિવિધ સહાય યોજના અંતર્ગત રૂપિયા ૯.૨૬ લાખની સહાયના હુકમ વિતરણ કરવામાં આવ્યા હતા તેમજ ખેડુતોને સન્માનિત કરવામાં આવ્યા હતા.



પ્રાસંગિક પ્રવચનમાં કલેકટરશ્રીએ જણાવ્યું હતુ કે, "ખેડૂતોની આવક બમણી કરવા માટે સરકાર પ્રતિબધ્ધ છે. રાજ્યના તમામ ખેડૂતો કૃષિ મહોત્સવ થકી સરકારશ્રીની વિવિધ યોજનાઓ તથા ખેતી ક્ષેત્રની અધ્યતન ટેકનોલોજીની માહિતી મેળવી ખેડૂતની આવક બમણી કરવાના પ્રધાનમંત્રીના આહવાહનને સાકાર કરી શકે તેમ છે.

ખેતી વિષયક વિગતો પુરી પાડતા કલેકટરશ્રીએ ખેડુતોને વધુમાં જણાવ્યુ હતુ કે ,'' ટામેટા ઉત્પાદનમાં રાજયમાં મહેસાણા જિલ્લો પ્રથમ સ્થાન ધરાવે છે, રાજયના ટામેટાના કુલ વાવેતર વિસ્તારનું ૯.૨૫ % (૪૬૦૨ હેકટર) વાવેતર અને કુલ ઉત્પાદનના ૧૦.૪૩ % (૧૪૮૮૭૫.૦૦ મેટ્રીક ટન) ઉત્પાદન મહેસાણા જિલ્લામાં થાય છે. એશિયાનું મરીમસાલાનું મોટામાં મોટુ માર્કેટ યાર્ડ ઉંઝા ખાતે આવેલું છે. પશુપાલન એ જિલ્લાના ખેડુતો માટે ખેતી સાથેનો મુખ્ય પુરક વ્યવસાય છે.''આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ગણપત યુનિવર્સિટી ખેરવાના વૈજ્ઞાનિક ડો.આર.એ.પટેલે તેમજ આત્મા પ્રોજેકટ ડાયરેકટર શ્રી તેજલબેન શેઠ અને ગણપત યુનિવર્સિટીના પેટ્રોન ઈન ચીફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ડો. ગણપતભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે પીએમ કિસાન સન્માન નિધી યોજના અંતર્ગત આજરોજ દેશના ખેડૂતોને રૂ.૨ હજારનો ૧૯ મો હપ્તો બિહારના ભાગલપુરથી આપવાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું હતુ . જેમાં મહેસાણા જિલ્લાના કલેક્ટર શ્રી એસ.કે પ્રજાપતિ સહિત મહાનુભાવોએ આ પ્રસંગે ૧૫ ખેડૂતોને વિવિધ સહાયલક્ષી યોજનાઓના રૂ.૯,૨૬,૮૦૦ના પેમેન્ટ ઓર્ડર આપવામાં આવ્યા હતા. જેમાં સાત લાભાર્થીઓ પ્રત્યેકને રૂપિયા એક લાખની સહાય મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અંતર્ગત તેમજ શાકભાજી પાકોના ઉત્પાદનમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના અંતર્ગત કુલ પાંચ લાભાર્થીઓ તેમજ બકરા એકમ સ્થાપવા માટે સહાય યોજના અંતર્ગત એક લાભાર્થીને રૂપિયા ૪૫ હજારની તેમજ બે લાભાર્થીઓને જીવામૃત ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ કરવા માટેની પ્રત્યેકની રૂપિયા ૬૦ હજારની સહાયના હુકમનું વિતરણ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. તથા મહેસાણા જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોને સન્માન પત્ર પણ આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અનીશભાઈ ભટ્ટે જણાવેલ કે ,'' રૂ. ૪૯.૫૮ કરોડ પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત જિલ્લાના ૨૪૭૯૨૪ ખેડુતોને ચુકવાશે.''. આ પ્રસંગે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો લાઈવ કાર્યક્રમ નિહાળવામાં આવ્યો. સૌ મહાનુભાવોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે રખાયેલા વિવિધ સહાય યોજનાઓના ૧૦ સ્ટોલની મુલાકાત લઈને ઉપસ્થિતો પાસેથી માહિતી અને જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ.જસ્મીન હસરત ,તાલુકા પંચાયતના પ્રમુખ કલ્પનાબેન પટેલ તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નિયામકશ્રી સોમાભાઈ રાયકા , વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ.રમેશભાઈ પટેલ તથા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અનીશભાઈ ભટ્ટ, પ્રાંત અધિકારી મહેસાણાશ્રી ઉર્વીશભાઈ વાળંદ તેમજ મહેસાણા મામલતદાર શ્રી ગૌતમભાઈ વાણીયા અને તાલુકા વિકાસ અધિકારીશ્રી હરેશભાઈ ચૌધરી મહેસાણા સહિત ખેડુત ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.




# સમાજે જ સાંસ્કૃતિક પ્રદૂષણ અટકાવવું પડશે

એક યુટ્યૂબ કાર્યક્રમ અને તેમાં કોમેડીના નામે કરાયેલી અભદ્ર ટિપ્પણીઓને કારણે આ શો ખૂબ ચર્ચામાં છે અને તેનો કેસ સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે. કેટલાક લોકો દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતા અને ડાર્ક હ્યુમરના નામે આ વિવાદના મૂળ બનેલા લોકો અને ખાસ કરીને રણવીર અલ્હાબાદીયાનું સમર્થન ભલે કરી રહ્યા હોય, પરંતુ તેણે એક મોટા વર્ગના ગુસ્સાનો શિકાર થવું પડી રહ્યું છે. સુપ્રીમ કોર્ટે તેને ધરપકડથી રાહત ચોક્કસ આપી, પરતું તેની ઝાટકણી કાઢવામાં કોઈ કસર ન રાખી. કોર્ટે તેની ભાવિ ગતિવિધિઓ પર પણ અનિશ્ચિતકાળ સુધી વિરામ લગાવી દીધો. આ પ્રકરણે સોશ્યલ નેટવર્ક પ્લેટફોર્મ કહેવાતા મંચોની ઉપયોગિતા પર પણ નવેસરથી ચર્ચા છેડી દીધી છે. એમાં શંકા નહીં કે ઈન્ટરનેટ મીડિયાએ સંવાદનું એક સશક્ત માધ્યમ ઉપલબ્ધ કરાવવાની સાથે જ માહિતીઓના લોકતંત્રીકરણમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે, પરંતુ હવે તે બેધારી તલવાર બની ગયું છે. તેના દ્વારા લોકો કોઈપણ કિંમતે ધ્યાન આકર્ષિત કરીને ચર્ચાનું કેન્દ્ર બની રહેવા માગે છે. એવા લોકોને 'ઈન્ફલુએન્સર્સ' કહેવામાં આવે છે, પરંતુ તેઓ પ્રભાવને બદલે દુષ્પ્રભાવ વધારે પેદા કરતા દેખાઈ રહ્યા છે.

સામાન્ય સમજ એમ કહે છે કે જો કોઈની પાછળ લોકો મોટી સંખ્યામાં ટોળાંબંધ થવા લાગે તો તેનાથી એ વ્યક્તિની જવાબદારી ઓર વધી જાય છે. ઈન્ટરનેટ મીડિયાની દુનિયામાં તેનાથી વિપરીત થઈ રહ્યું છે. પોતાની પહોંચ વધારવા માટે એલફેલ સામગ્રી બનાવવામાં આવી રહી છે. તેનું કારણ એ છે કે વિચિત્ર અને વિવાદિત ચીજો વધુ ઉત્સુક્તા વધારે છે. તેથી સાર્થક સામગ્રી કરતાં એ પ્રકારની ભાષા અને વિષયવસ્તુને ઉત્તેજન અપાઈ રહ્યું છે, જે ધ્યાન ખેંચી શકે. ભારતના સંદર્ભમાં આ સ્વીકાર્ય ન હોઈ શકે. યાદ રહે કે ભારત માત્ર એક દેશ નથી, બલ્કે સદીઓથી પોષિત થતી આવતી એક સભ્યતા છે, જેનાં મૂળ આધ્યાત્મિકતા અને જ્ઞાનમાં સમાયેલાં છે. કુંભ જેવા આયોજનો આ જ સાંસ્કૃતિક અવિરત પ્રવાહના પ્રતીક છે. સમગ્ર પૌરાણિક સાહિત્ય પ્રેરક આખ્યાનોથી ભરેલું છે.

આપણા વિમર્શમાં જ્ઞાનને વિનમ્રતા સાથે જોડીને જોવામાં આવ્યું છે, અહંકાર સાથે નહીં. આપણી પરંપરામાં ક્યાંય પણ ગરિમાનું વિચલન નથી. તેમાં જવાબદારીનો ભાવ છે. આવી સમૃદ્ધ પરંપરાને કેટલાક કથિત ઈન્ફલુએન્સરોને વિકૃત કરવાની છૂટ ન આપી શકાય. આ કેટલી મોટી મુશ્કેલી છે કે આજે જેમને આદર્શ તરીકે જોવામાં આવે છે, તેમની પાસે યુવાઓને પ્રેરિત કરવા માટે કશું નથી. તેમાંથી મોટાભાગના ના તો બુદ્ધિશાળી છે કે ના રાષ્ટ્રની પ્રગતિમાં તેમનું કોઈ વિશેષ યોગદાન છે. એવા તમામ લોકો અકાદમિક રૂપે કમજોર છે. તેમની કોઈ બૌદ્ધિક આભા નથી. સમાજ પ્રત્યે પણ તેમનું કોઈ ઉલ્લેખનીય યોગદાન નથી. તેમ છતાં ઈન્ટરનેટ મીડિયા પર જાતજાતનાં ગતકડાં કરી તેઓ વિમર્શને પ્રભાવિત કરીને લાખો લોકોને જોડવામાં સક્ષમ રહે છે. તેઓ પોતાના લાખો ફોલોઅર્સને કારણે મોટી રકમ કમાઈ રહ્યા છે અને પ્રભાવશાળી વર્તુળો સુધી પોતાની પહોંચ બનાવવામાં સક્ષમ થઈ રહ્યા છે. એક એવા સમાજમાં જ્યાં લોકપ્રિયતાથી સત્તા અને શક્તિના દરવાજા ખૂલવા લાગે છે, ત્યાં આ ઈન્ફલુએન્સરો પોતાની પહોંચથી વિમર્શને પ્રભાવિત કરવાથી માંડીને વલણોની દશા-દિશાથી લઈને સાંસ્કૃતિક પાસાંને પોતાના હિસાબે નક્કી કરવા લાગે છે. તેમને મૂલ્યોને તિલાંજલિ આપવામાં પણ કોઈ સંકોચ નથી. બસ તેમનું કન્ટેન્ટ વાયરલ થતું રહેવું જોઈએ.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ૮-૯ મીએ અમદાવાદમાં મળશે : તમામ નેતા આવશે

# કોંગ્રેસનું હવે ગુજરાત પર ફોકસ : રાષ્ટ્રીય કારોબારી - અધિવેશન અમદાવાદ શહેરમાં

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૪

કોંગ્રેસ ગુજરાત પર ધ્યાન ફોકસ કરવાનો વ્યુહ અપનાવ્યો હોય તેમ આજે એપ્રિલમાં યોજાનારી રાષ્ટ્રીય કારોબારી એઆઈસીસી અધિવેશન માટે અમદાવાદ પસંદ કરાયું છે. ૮ અને ૯ એપ્રિલે આ બેઠક થશે તેમાં તમામ રાષ્ટ્રીય નેતાઓ હાજરી આપશે.

આ મહત્વપૂર્ણ બેઠકમાં દેશભરના એઆઈસીસી પ્રતિનિધિઓ એકત્રિત થશે, જ્યાં બંધારણ તેમજ તેની મૂલ્યો પર થતી સતત હિમમતભરેલી હુમલાઓ અને ભાજપની જનવિરોધી નીતિઓ અંગે ચર્ચા થશે અને પક્ષના આગામી કામગીરી અંગે માર્ગદર્શન નિર્ધારિત કરવામાં આવશે.

અધિવેશન ૮ એપ્રિલે વિસ્તૃત કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)ની બેઠક સાથે શરૂ થશે, જે પછી ૯ એપ્રિલેના રોજ એઆઈસીસી



પ્રતિનિધિઓની બેઠક યોજાશે. આ બંને બેઠકમાં માનનીય કોંગ્રેસ અધ્યક્ષશ્રી મલ્લિકાર્જુન ખડગે અધ્યક્ષતા કરશે.

કોંગ્રેસ સંસદીય પક્ષની અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધીજી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીજી, કોંગ્રેસ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓ, રાષ્ટ્રીય પદાધિકારીઓ, વરિષ્ઠ નેતાઓ અને અન્ય એઆઈસીસી પ્રતિનિધિઓ હાજર રહેશે.

આ એઆઈસીસી અધિવેશન બેલગાવીમાં યોજાયેલી વિસ્તૃત ઝઉઊ બેઠક (નવા સત્યાગ્રહ બેઠક)માં અપાયેલ ઠરાવની ચાલુ પ્રકિયા તરીકે યોજાઈ રહ્યું છે, જે ૧૯૨૪માં મહાત્મા ગાંધી દ્વારા અધ્યક્ષપદ સંભાળવામાં આવેલા કોંગ્રેસ અધિવેશનની ૧૦૦મી વર્ષગાંઠની યાદમાં યોજાઈ હતી.

મહાત્મા ગાંધી, ડો. ભીમરાવ આંબેડકર અને ભારતીય બંધારણની વારસાને સાચવવાની, સંરક્ષણ કરવાની અને પ્રોત્સાહન આપવા માટેની તાત્કાલિક જરૂરિયાતને માન્યતા આપતાં, ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ વચ્ચે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ એક વિશાળ રાષ્ટ્રીય જનજાગૃતિ અભિયાન 'સંવિધાન બચાવો રાષ્ટ્રીય પદયાત્રા' શરૂ કરશે.સાથે જ, મહાત્મા ગાંધીના જન્મસ્થાન ગુજરાતમાં એઆઈસીસી અધિવેશન યોજીને, અમે સત્ય, અહિંસા અને ન્યાયના તેમના આદર્શો પ્રત્યે આપણી પ્રતિબદ્ધતાને પુનઃપ્રસ્થાપિત કરીશું.

આ આવનારું અધિવેશન માત્ર મહત્વપૂર્ણ ચર્ચાઓ માટે એક મંચ તરીકે નહીં પણ સામાન્ય જનતાના પ્રશ્નો ઉકેલવા અને દેશ માટે મજબૂત વૈકલ્પિક દ્રષ્ટિકોણ રજૂ કરવા માટે કોંગ્રેસ પક્ષની સામૂહિક પ્રતિબદ્ધતાની પુષ્ટિ રૂપે પણ કાર્ય કરશે.

## વિધાનસભામાં ગૃહ મંત્રી હર્ષ સંઘવીની જાહેરાત

# સમગ્ર દેશમાં એન્ટ્રી બુલીંગ યુનિટ રચનાર ગુજરાત પ્રથમ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૪

રાજય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભામાં જાહેરાત કરી હતી કે સ્ટેટ સાઈબર ક્રાઈમ સેલ સમગ્ર રાજયમાં બનતી સાયબર ક્રાઈમને લગતા ગુનાઓ સબંધે નોડલ એજન્સી તરીકે સુપરવિઝન કરે છે.

સ્ટેટ સાયબર ક્રાઈમ સેલનાં પ્રિવેન્શન યુનિટ ખાતે સતત અને સધન સાયબર પેટ્રોલીંગ કરવામાં આવે છે તેમજ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર વાંધાજનક પોસ્ટ અને વિડીયો શોધી તેને સંલગ્ન સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ ઉપરથી તે વાંધાજનક પોસ્ટ અને વિડીયો દુર કરાવવાની કામગીરી કરવામાં આવે છે.એન્ટી બુલીંગ યુનિટ દ્વારા સોશ્યલ હેરેસમેન્ટ સંદર્ભે નોંધાયેલ ફરિયાદોમાં ભોગ બનનારાઓનું સાયકોલોજીસ્ટ દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવે છે તેમજ હેરેસમેન્ટનો ભોગ બનનાર નાગરિકોને આત્મહત્યા કરતા બચાવવામાં આવે છે જેમાં આજ સુધી ૬૦ થી વધારે નાગરીકોને આત્મહત્યા કરતા બચાવવામાં આવેલ છે.

સમગ્ર દેશમાં એન્ટી બુલીંગ યુનિટની રચના કરનાર ગુજરાત રાજય પ્રથમ ક્રમાંકે છે. રાજયમાં સાયબલ ક્રાઈમને લગતા ગુનાઓને અટકાવવા તેમજ આવા ગુનાઓના ત્વરીત ઉકેલ લાવી શકાય તે માટે સાયબર સેન્ટર ઓફ એકસીલન્સ



પ્રોજેકટ અંતર્ગત રાજયના સાયબર ક્રાઈમ સેલ ખાતે વધારાનો મેન પાવર તેમજ અત્યાધુનિક ફોરેન્સીક ટુલ્સ ફાળવવાનું આયોજન છે.

રાજયમાં સાયબર ક્રાઈમના ગુનાઓ પર નિયંત્રણ મેળવવા તેમજ અસરકારક પરિણામ મેળવવા માટે રાજય પોલીસ દળમાં કાર્યરત ટેકનીકલ કૌશલ્ય ધરાવતા અને આ વિષયવસ્તુ પરત્વે રૂચી ધરાવતા કર્મચારીઓના કૌશ્લ્યની ચકાસણી કરી તેમજ તેઓને જરૂરી તાલીમ આપી તેઓને 'સાયબર કમાન્ડો' તરીકે તૈયાર કરવાનું રાજય સરકારનું આયોજન છે.

માત્ર પોલીસ સ્ટેશનમ ખાતે મળતી ફરિયાદો જ નહીં પરંતુ ભારત સરકાર દ્વારા સંચાલિત નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ પોર્ટલ પર સાયબર ક્રાઈમનો ભોગ બનનાર કોઈ પણ નાગરિકોની ઓનલાઈન ફરિયાદો પર સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

# અમદાવાદના નિકોલમાં મોટી દુર્ઘટનાઃ ભેખડ ધસી પડતાં બે શ્રમિકો દટાયા, એકનું મોત

અમદાવાદ,તા.૨૪

અમદાવાદના નિકોલ વિસ્તારમાં મોટી દુર્ઘટના સર્જાઇ છે. નિકોલ વિસ્તારમાં તૈયાર થઇ રહેલી કન્ટ્રક્શન સાઇડ પર ભેખડી ભસી પડતાં બે મજૂરો દટાયા છે. બંને મજૂરને બહાર કાઢી લેવામાં આવ્યો છે. જ્યારે અન્ય એક શ્રમિકનું મોત નીપજ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને રેસ્ક્યૂ કામગીરી કરી શરૂ હતી. હાલમાં બંને શ્રમિકોને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને તેમની સારવાર ચાલી રહી છે.

ફાયર વિભાગના કર્મચારીના જણાવ્યા અનુસાર કંટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે નિકોલ-વિરાટનગર રોડ પર આવેલા મનમોહન પાર્ક નજીક તૈયાર થઈ રહેલી બિલ્ડીંગના ખોદકામ દરમિયાન ભેખડ ધસી પડી હતી. જેમાં કેટલાક દટાયા હોવાનું જાણવા મળતાં ફાયરબ્રિગેડ બે ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યૂ ઓપરેશન કરી દટાયેલા બે શ્રમિકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક વ્યક્તિ સભાન અવસ્થા છે. તાત્કાલિક તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે અને તેની સારવાર ચાલી રહી છે.

ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ દરમિયાન તપાસ કરતાં પોલીસને જાણવા મળ્યું હતું કે ઘટનાસ્થળે કોઇ જવાબદાર વ્યક્તિ હાજર ન હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે અને ગૌણ કર્મચારીઓનો આદર અને ટેકો પણ પૂરતો રહેશે.

**વૃષભઃ** ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.

**મિથુનઃ** સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, પણ આકસ્મિક અન્ય કામ દ્વારા રદ કરી શકાય છે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો સાર્થક સાબિત થશે અને લોકોનો ટેકો મનને આનંદ કરશે.

**કર્કઃ** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. પ્રતિકૂળતામાં નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થશે.

**સિંહઃ** વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે તમારું મન સરળ અને સાત્વિક કાર્યો છોડી શકે છે અને ઝડપથી અનિયંત્રિત વલણો તરફ આકર્ષિત થઈ શકે છે.

**કન્યાઃ** રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. વિદેશમાં રહેતા સ્વજનો તરફથી સારા સમાચાર પ્રાપ્ત થશે. સાસરિયા તરફથી પૈસા પ્રાપ્ત થશે. ઓફિસમાં તમારી કાર્ય કરવાની શૈલીમાં સુધારો થશે.

**તુલાઃ** કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે. તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે અને હાથમાં પૂરતા પૈસા હોવાનો આનંદ મળશે. ભાઇઓનો સહયોગ કાર્યક્ષેત્રમાં આવતી સમસ્યાઓનો અંત લાવશે અને સંબંધોને પણ મજબૂત બનાવશે.

**વૃશ્ચિકઃ** દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ફંડ પણ વધશે. વિદ્યાર્થીઓને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

**ધનઃ** વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે. કાયદાકીય સંબંધિત બાબતોમાં મન જીતીને ખુશ રહેશે.

**મકરઃ** આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો. સામાજિક ક્ષેત્રમાં તમારી ક્રિયાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારો વિસ્તાર પણ વધશે.

**કુંભઃ** ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો, નહીં તો ખોવાઈ જવાનો ડર રહેશે.

**મીનઃ** વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે. ગીચ સ્થાનોને ટાળો અને જો જરૂરી હોય તો સલામતી સાથે જાઓ.

## ફિલ્મી ગપશપ

# દ્રશ્યમ ૩'માં અજય દેવગન નવી વાર્તા રજૂ કરશે, જુલાઈથી શૂટિંગ શરૂ થશે



મુંબઈ,તા.૨૪

વર્ષ ૨૦૧૫માં રિલીઝ થયેલી ફિલ્મ 'દ્રશ્યમ' એ લોકોના દિલ જીતી લીધા હતા. આ ફિલ્મમાં અજય દેવગણે જબરદસ્ત અભિનય કર્યો હતો. આ ફિલ્મ એટલી હિટ રહી કે ફિલ્મ નિર્માતાઓએ સાત વર્ષ પછી 'દ્રશ્યમ ૨' બનાવી. આ ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થઈ. પિંકવિલાના મતે, હવે અજય દેવગન 'દ્રશ્યમ ૩'માં જોવા મળશે.

સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે અજય દેવગનને ફરી એકવાર 'દ્રશ્યમ ૩' માટે પસંદ કરવામાં આવ્યો છે. સૂત્રએ જણાવ્યું કે 'અજય દેવગન જુલાઈથી ઓગસ્ટ દરમિયાન અન્ય ફિલ્મોનું શૂટિંગ કરવાનો હતો પરંતુ હવે તે 'દ્રશ્યમ ૩'માં કામ કરશે. થોડા અઠવાડિયા પહેલા અભિષેક પાઠક અને લેખક અજય દેવગનના ઘરે ગયા અને તેમને દ્રશ્યમ ૩ વિશે જણાવ્યું. આ પછી, અજય દેવગણે દ્રશ્યમ ૩ માં કામ કરવા માટે સંમતિ આપી. આ ફિલ્મમાં ફરીથી વિજય સાલગાંવકરની ભૂમિકા ભજવવા માટે તે ઉત્સાહિત છે.

'દ્રશ્યમ ૩'નું શૂટિંગ કરતા પહેલા અજય દેવગન 'દે દે પ્યાર દે ૨', 'ધમાલ ૪' અને 'રેન્જર'નું શૂટિંગ પૂર્ણ કરશે. અજય દેવગણની ફિલ્મ 'દે દે પ્યાર દે ૨' પહેલેથી જ રિલીઝ થવાની તૈયારીમાં છે, 'ધમાલ ૪'નું શૂટિંગ માર્ચ ૨૦૨૫ થી શરૂ થશે. તે મે મહિનામાં ×રેન્જર×નું શૂટિંગ શરૂ કરશે.

એક સૂત્રએ જણાવ્યું કે અજય દેવગન ૨૦૨૫ ના અંત સુધી વ્યસ્ત રહેશે. આ સમય દરમિયાન તે 'દે દે પ્યાર ૨', 'ધમાલ ૪', 'રેન્જર' અને 'દ્રશ્યમ ૩'નું શૂટિંગ પૂર્ણ કરશે. તે પોતાની ફિલ્મો પ્રત્યે સંપૂર્ણ આત્મવિશ્વાસ ધરાવે છે. તે દરેક ફિલ્મમાં અલગ અલગ પાત્રો ભજવી રહ્યો છે. 'દ્રશ્યમ ૩' પછી, અજય દેવગન 'ગોલમાલ ૫'નું શૂટિંગ શરૂ કરી શકે છે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ લખાઈ રહી છે. આ ફિલ્મનું શૂટિંગ ક્યારે શરૂ થશે તે અંગે કંઈ કહેવું વહેલું ગણાશે. અજય દેવગન ટૂંક સમયમાં 'રેડ ૨' અને 'સન ઓફ સરદાર ૨'માં જોવા મળશે.

## ગાંધીનગરમાં ટાટપાસ ઉમેદવારોનાં આંદોલન પૂર્વે જ અટકાયત : મહિલા - પુરૂષના વાળ ખેંચી વાનમાં ઘુસાડયા

# આંદોલન માટે સિવિલ હોસ્પિટલ સામે એકઠા થતાં પોલીસે ઉઠાવી લીધા

### ૨૫૦થી વધુ ઉમેદવારોની અટકાયતથી ખળભળાટ

ગાંધીનગર,તા.૨૪

ગુજરાતમાં ્ઈ્-્છ્ પાસ ઉમેદવારોએ પોતાના પડતર પ્રશ્નોને લઈ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. ત્યારે આજે સોમવારે (૨૪મી ફેબ્રુઆરી) આ ઉમેદવારો ગાંધીનગર સત્યાગ્રહ છાવણીએ આંદોલનમાં પહોંચી રહ્યા છે.

જેને લઈને સત્યાગ્રહ છાવણીએ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. નોંધનીય છે કે, આંદોલનને મજબૂત બનાવવા માટે ટેટ-ટાટ પાસ ઉમેદવારો સોશિયલ મીડિયાના માધ્યમથી વીડિયો પોસ્ટ કરી હાજર રહેવા માટે અપીલ કરી હતી. જેના પગલે આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ઉગ્ર આંદોલનમાં જોડાવવા માટે રાજયભરમાં બહોળી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર ખાતે પહોંચી રહ્યા છે.

આ બધા ઉમેદવારો ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બહાર એકઠા થયા છે. ત્યારે આંદોલનના સ્થળે પહોંચે તે પહેલાં પોલીસે ઉમેદવારોની અટકાયત સિલસિલો શરૂ કરી દીધો છે. ઉમેદવારોની અટકાયત કરાતા પોલીસ આંદોલનકારી ઉમેદવારો ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ ઉમેદવારોની અટકાયત કરી લીધી છે.ઉમેદવાર મહિલા-પુરૂષનો વાળ ખેંચીને વાનમાં ઘુસાડયા હતાં.

છેલ્લા બે વર્ષથી ગોકળગતિએ ચાલી રહેલીએ ભરતી પ્રક્રિયાને ઝડપથી પૂરું કરી કરવા રજૂઆત કરવામાં આવશે. ધીમી ગતિએ ચાલી રહેલી ભરતી પ્રક્રિયાને લીધે



ઉમેદવારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ વખતે ટેટ-ટાટ પાસ ઉમેદવારો ઉગ્ર આંદોલનના મૂડમાં છે અને સરકાર સામે લડી લેવા માટે પૂરજોશમાં તૈયારી કરી લીધી છે. આજે ગાંધીનગર ખાતે રેલી કાઢી આંદોલનનું રણશિંગૂ ફૂંકશે.

રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ ૨૦૨૩માં વિદ્યા સહાયક અને જૂન તથા સપ્ટેમ્બર ૨૦૨૩માં અનુક્રમે TAT(S) A"¡ TAT(HS)ની દ્વિસ્તરીય પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાને લાંબો સમય વીતી ગયો હોવા છતા ૨૪,૭૦૦ શિક્ષકોની ભરતી ક્રમિક અને ઝડપી પૂર્ણ કરવા સાથે ચાલુ ભરતી પ્રકિયામાં જગ્યા વધારો કરવા બાબતે શિક્ષણમંત્રી તેમજ અધિકારીઓને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆત કરી હતી. પરંતુ તેમ છતાં યોગ્ય વળતો જવાબ મળ્યો નથી.

મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રી અંગત રસ દાખવી શિક્ષણ વિભાગ સંબંધિત અધિકારીશ્રીઓને ૨૪,૭૦૦ શિક્ષકોની ભરતી પ્રક્રિયા ક્રમિક અને ઝડપી પૂર્ણ કરવા તેમજ ચાલુ ભરતીમાં શક્ય બને એટલો જગ્યા વધારા બાબતે સુચન કરી અમો ઉમેદવારોને ન્યાય અપાવે તેવી માંગ ઉઠાવી છે.વર્ષ મંજૂર થયેલા ૨૭૫૦ વિદ્યા સહાયકની જગ્યાઓ પણ વર્તમાન ભરતીમાં સામેલ કરવા માંગ કરાઈ છે. ઉમેદવારોની પાંચમી મુખ્ય માંગણી ઉનાળુ વેકેશન પહેલાં સંપૂર્ણ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી નિમણુંક પત્રો આપવાની છે.

# કેલેરી બાળો વિજળી નહી; શંકર ચૌધરીએ અધિકારીઓને દાદરા દેખાડી દીધા

# વધુ એક વહીવટી સુધારા પંચ; અગાઉના અહેવાલોનું શું થયું!!

## અધિકારીઓમાં ચર્ચાઃ જેઓ દશકા સુધી બાબુશાહી ચલાવી તે હવે સુધારા માટે કહેશે પણ તંત્ર સાથે જેને રોજનો 'પનારો' છે તે જનતાને તો કંઈ ફર્ક નહી પડે

## ભાજપમાં ફેરફારમાં તારીખ પે તારીખ : હવે કુંભ અને શિવરાત્રી પુરી થયા બાદ એજન્ડા હાથ પર લેવાશે તેવા સંકેત

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૪

ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલના નેતૃત્વમાં જે રીતે ભાજપે વિજયની દૌટ શરૂ કરી છે તેમાં છેલ્લે હવે જૂનાગઢ મહાપાલિકા અને ૬૫થી વધુ નગરપાલીકા જીતીને આ જોડી ટીમ ઈન્ડીયાની રોહીત શર્મા અને વિરાટ કોહલી હોવાની જબરી ચર્ચા સચીવાલયમાં છે પરંતુ હવે સંગઠન નવરચના આવી રહી છે અને ખુદ પાટીલે જ તેમાં હોદો છોડી રહ્યા છે તેમ કહી દીધુ છે તો ભુપેન્દ્ર પટેલને નવા જોડીદાર કોણ મળશે તેની ચર્ચા છે.

નામ તો ઘણા ચર્ચાય છે અને ભાજપે એ નિશ્ર્ચિત કર્યુ હોય જે નામો સૌથી વધુ ચર્ચામાં હોય તેની જ પતંગ ચગતી નથી અથવા 'હવામાં' ચગી હોય તો પણ કપાઈ જાય છે અને તેથી જ ભાજપ મોવડીમંડળ કોને પસંદ કરશે તે નામોમાં છેલ્લે પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નામ પણ ઉમેરાયું છે. જેઓ અગાઉ મહામંત્રી અને થોડા સમય મુજબ પક્ષના પ્રમુખ પણ રહી ચૂકયા છે.

જો સંગઠનની દ્રષ્ટિએ જોઈએ તો તેઆ આ હોદા માટે ખૂબજ ફીટ છે પણ ભાજપ ભૂતકાળમાં જવાનું પસંદ નહી કરે તેવા સંકેત છે અને વિજય રૂપાણી પણ એક બાદ એક નેશનલ ડયુટી બજાવી રહ્યા છે તે જોતા તેમને રાષ્ટ્રીય સંગઠનની ટીમમાં સ્થાન મળે તેની ચર્ચા વધુ છે તેવો હાલ રાજયપાલ બનવાના મૂડમાં નથી અને પોતાની ભૂમિકા વ્યાપક બને તે જોવા માંગે છે.

હવે ભાજપ મોવડીમંડળ કોને નવા પ્રદેશ પ્રમુખ બનાવવા માંગતા હોય તે મોદી-શાહની જોડીએ અગાઉ જ ફાઈનલ કરી દીધું હોય પણ જો કોઈનું નામ ચગે તો બીજા તેના પગ ખેચવા પ્રયાસ કરે જ છે.

એક યુવા નેતાનું નામ ચગ્યું તો એવા અખબારી અહેવાલ આવ્યા કે તેમના 'વ્યાપાર-ધંધા' અને 'ભાગીદારો' અંગે એક ફાઈલ દિલ્હી પહોંચી ગઈ છે અને તેથી તેનુ પતુ કપાઈ ગયુ છે. ઓબીસી પ્રમુખ હશે તેવી ચર્ચા વચ્ચે બે નેતાઓમાં 'ગળાકાપ' સ્પર્ધા છે તેનું આ પરિણામ હોવાનું માનવામાં આવે છે.

હવે કુંભ અને શિવરાત્રી બાદ જ ફેરફારો





ભાજપમાં સંગઠનમાં ફેરફારો માટે કોઈને કોઈ મુદત આવે છે. હવે દિલ્હી ચૂંટણી પુરી થઈ છે તો કુંભ અને શિવરાત્રીનું કેલેન્ડર સામે આવ્યુ છે અને આગામી ગુરૂવારે પુરા થઈ રહ્યા છે.

ખાસ કરીને જૂનાગઢમાં મહાપાલિકાના નવા મેયર-ડે.મેયર વિ.ના પદો પર જૂનાગઢનો મેળો પુરો થયા બાદ જ નિર્ણય લેવાશે તો પ્રદેશ પ્રમુખ વિ. અંગે હજુ ૧૫ દિવસનો સમય લાગશે તેવું જાણકાર વર્તુળો કહે છે.

વધુ એક વહીવટી સુધારા પંચ

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ અને એલન મસ્કની જોડીએ જે રીતે સરકારી વિભાગોમાં કાર્યક્રમના લાવવા માટે ખાસ અભિયાન છેડયુ છે તો ગુજરાતમાં હવે રાજય સરકારે એક નવું એડમીનીસ્ટેટીવ રીફોર્મ કમીશન વહીવટી સુધારા પંચ રચવાની જાહેરાત કરી તો ફલેશ બેકમાં આ રીતે અનેક પંચ નિયુક્ત થયા તે આવી ગયા. અગાઉ ૨૦૦૭માં પણ આવુ એક પંચ રચાયુ હતું જે કોલગી કમીટીના નામે ઓળખાયુ હતુ.

કોવિડ ૧૯ બાદ દિલ્હીથી પરત આવેલા સિનીયર નિવૃત અધિકારી હસમુખ અઢીયાના નેતૃત્વ હેઠળ આર્થિક અને વહીવટી સુધારા માટે એક કમીટી રચાઈ હતી. પણ હજુ સુધી આ પ્રકારના કોઈ પંચ કે કમીટીની ભલામણો શું હતી તે પણ બહાર આવ્યુ નથી અને નવી કમીશન પણ બ્યુરોકેટનું જ હશે જેઓ દશકામાં આ અમલદાર શાહીના ભાગ હતા.

તેઓ હવે તેમાં સુધારો સૂચવશે પણ કોઈ આઉટ-સાઈડર કે પ્રજાના પ્રતિનિધિ નહી હોય અને ખરેખર આ તંત્ર સાથે રોજબરોજનો પનારો છે તેમાં સૂચનો કે સલાહોની કોઈ નોંધ પણ લેવાતી હતી પણ પ્રમાણીક અધિકારીઓએ ચર્ચા છે કે વાસ્તવમાં ગુજરાતમાં મસ્ક સ્ટાઈલના વિભાગોની જરૂર છે જે સરકારી ખર્ચ ઘટાડે પણ તેમ કરવા જતા ઈવેન્ટ ઘટાડવા પડે તે તો આ સરકારની ઓળખ છે અને ઈવેન્ટ મેનેજમેન્ટ એ સાથી કાર્યક્ષમ વિભાગ જેમાં અધિકારીઓને પણ 'મોટો' રસ છે તેથી વહીવટીતંત્ર તેમાંજ સરકાર વ્યસ્ત રહે તે ઈચ્છે છે અને ભલામણો પણ તેવીજ થશે.

### કેલેરી બાળો- વિજળી નહી

**વિધાનસભાની બેઠક ચાલુ થતા જ અનેક અધિકારીઓ હાંફવા લાગ્યા છે. અધ્યક્ષ શ્રી શંકર ચૌહાણ જેઓ યુવા, ચુસ્ત, સ્કુલ 'બનાસકાઠી' બાબુ છે તેઓએ વિધાનસભા સંકુલમાં લીફ્ટના બદલે દાદરાનો ઉપયોગ કરવા ખાસ ઝુંબેશ છેડી છે. ખુદ રોજ દાદરા જ ચડે ઉતરે છે અને અધિકારીને તેની પાછળ આ દાદરા ચડવા ઉતરવાની ફરજ પડી રહી છે. શ્રી ચૌધરીએ બોર્ડ મુકયુ છે. 'કેલેરી બાળો- વિજળી નહી' અને પછી એ પણ ગણતરી કરાય છે કે તમો ૧૦ પગથી આ ચડો તો કેટલી કેલેરી બળશે. હવે જોઈએ અધિકારીઓ કયા સુધી દાદરા ચડી ઉતરી શકે છે.**

# જિંદગી સહેલી નથી વધારે વાત કરો તો પાગલ. ઓછીવાત કરોતો ઘંમડી અને ખાલી કામની વાત કરો તો મતલબી..



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**




હર હર મહાદેવ ભોલે ભંડારી શંભુના ગગનભેદી નાદથી આવતી કાલે શિવાલયો ગાજી ઊઠશે. મહાશિવરાત્રી ભવનાથ તળેટીમાં રાત્રે રવાડી નીકળે ત્યારે તેના દર્શન કરવા એક લાહવો હોય છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સંસાર એ દાવાઅગ્નિ છે.ચારે બાજુથી તે જીવને બાળે છે. દુઃખનો પાર નથી. દરેકને દુઃખરૂપી અગ્નિ બાળે છે,ત્યારે ગોપબાળકો અને વ્રજ વાસીઓની જેમ આંખ બંધ રાખવી અને ભગવાનના નામ નું ચિંતન કરવું. આ સંસારરૂપી દાવાનળ-દાવાગ્નિ બાળવા આવે ત્યારે આંખો બંધ રાખી.

ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન ધરો. ભગવાનના નામનો જપ કરતાં તેમાં તન્મયતા થાય એણે સંસાર નો દાવાગ્નિ દૂર થાય.પ્રલંબાસુર નામે એક રાક્ષસ હતો. પ્રલંબાસુર એટલે અંતઃકરણની લાંબી લાંબી વાસનાઓ.આ વાસનાઓને લીધે જીવ-ઈશ્વરનું મિલન થતું નથી. પ્રભુએ આ પ્રલંબાસુરને હણ્યો છે

એમ કરતાં સોહામણી શરદ ઋતુ આવી.શ્રીકૃષ્ણ ગાયોને ચારતાં વાંસળી વગાડવા લાગ્યા.ગોપીઓ આ વાંસળી સાંભળે છે.વાંસળી એ નાદબ્રહ્મની ઉપાસના છે. વાંસળી જ્યાં સુધી ન સંભળાય ત્યાં સુધી શ્રીકૃષ્ણનાં દર્શન થતાં નથી. શ્રીકૃષ્ણદર્શન માટે વેણુનાદ સંભળાવો જોઈએ.વેણુનાદ એટલે નાદબ્રહ્મ.નાદબ્રહ્મ આગળ બીજા બધા આનંદ તુચ્છ છે.

ગોપીઓને દૂરદર્શન અનેદૂરશ્રવણ એ બે સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. એટલે ગોપીઓ ઘરમાં રહી શ્રી કૃષ્ણની વેણુ સાંભળે છે અને શ્રી કૃષ્ણની લીલા પણ જોઈ શકે છે.

વેણુના નાદ વિશે ગોપીઓ અંદર અંદર વાતો કરે છે એને વેણુગીત કહે છે.ભક્તિભાવની પરાકાષ્ઠાનું આ ગીત વિશ્વમાં અજોડ છે. ગોપીઓ અંદર અંદર વાતો કરે છે કે,હે સખી.આંખોવાળાના જીવન ની અને આંખોની સફળતા શું?જ્યારે શ્યામસુંદર શ્રીકૃષ્ણ અને ગૌરસુંધર બલરામ ગોપબાળકો ની સાથે ગાયોને હાંકી વનમાં લઈ જતા હોય કે,વનમાં આવતા હોય અને શ્રીકૃષ્ણે પોતાના હોઠ પર મુરલી ધારણ કરી હોય અને પ્રેમથી વાંકી નજર કરી આપણી સામે જોતા હોય,એ નેત્રોની સફળતા છે.બાકી બધું ધૂળ!

આવા શ્રીકૃષ્ણનાં જેણે દર્શન કર્યાં છે તેઓને જ આંખનું ફળ પ્રાપ્ત થયું છે, તે સિવાય નેત્રોનું ફળ બીજું કાંઈ ન હોઈ શકે!હે સખી! કનૈયો વાંસળી વગાડે છે. તું સાંભળ. આ વાંસળી નથી.એ શ્રીકૃષ્ણની પટરાણી છે.અલી સખી,તને શું કહું? મેં સાંભળ્યું છે કે, જ્યારે શ્રીકૃષ્ણ જમવા બેસે ત્યારે પણ વાંસળી કેડમાં ખોસી રાખે છે. રાત્રે શ્રીકૃષ્ણ સૂએ છે, ત્યારે પણ પથારીમાં વાંસળીને સાથે રાખીને સૂએ છે.આ વાંસળી એમની પટરાણી છે.

પ્રભુનો અધરઓષ્ઠ એ વાંસળીનો તકિયો છે.હાથ એ ગાદી છે. આંખો તે દાસીઓ છે.પાંપણો તે પાંખો છે.નાકની વાળી તે છત્ર છે. આ વાંસળી પરમાત્મા સાથે પરણી છે, તેથી તેને પરમાત્માનો નિત્ય સંયોગ પ્રાપ્ત થયો છે. આ વાંસળીએ જાણે પૂર્વજન્મમાં એવી તે શું તપશ્ચર્યા કરી છે કે, આ જન્મે તે શ્રીકૃષ્ણના અધરામૃતનું નિત્ય પાન કરે છે.

એક ગોપીએ વાંસળીને જ પૂછી નાખ્યું, હેં અલી, તેં આવું શું પુણ્ય કર્યું કે ભગવાને તને અપનાવી?

વાંસળી કહે, મેં 'બહુ તપશ્ચર્યા કરી છે! મારું હૈયું પોલું છે. હું પેટમાં કંઈ જ રાખતી નથી! વાંસળી પેટમાં કંઈ રાખતી નથી, તેથી તે ભગવાન શ્રીકૃષ્ણની પ્રિય બની છે માટે વેરઝેરનો હૃદયમાં સંગ્રહ કરશો નહીં.જે વાંસળી જેવા બને છે તે ભગવાનને ગમે છે

વાંસળી કહે છે, મારામાં એક-બે નહીં,ઘણા ગુણો છે.મેં ઘણું સહન કર્યું છે. મારા ઉપર છ ઋતુ ઓના માર પડયા છે.લોકોએ મને કોતરી પણ હું બોલી નહીં.

વાંસળી કહે છે, મારા ધણીને જે બોલાવવું હોય તે હું બોલું છું. મારા ધણીને જે સૂર કાઢવો હોય તે કાઢે. મારા પોતાના સૂર જેવું મેં કંઈ રાખ્યું જ નથી અને ધણીના સૂરને હું મારા સૂર તરીકે પ્રગટ કરું છું. વળી ધણીની આજ્ઞા કે ઈચ્છા વિના હું કદી બોલતી નથી. તેથી હું બોલું છું ત્યારે સાંભળનારો ડોલે છે, નાગ પણ ડોલે છે અને કસ્તૂરી મૃગ પણ ડોલે છે.નાગ દુર્જન, કસ્તૂરીમૃગ સજ્જન, સજ્જન-દુર્જનને બેઉને આનંદ થાય તેવું મધુર હું બોલું છું.

વાંસળીએ ખૂબ સહન કર્યું છે એટલે ભગવાનની સન્મુખ થઈ છે એટલે સમજીને જે દુઃખ સહન કરે તેનું પાપ બળે છે. નિશ્ચય કરો કે, મારે મધુર બોલવું છે. કોઈનું દિલ દુભાય તેવું બોલશો નહીં, કારણ કે લાકડીનો માર ભૂલાય છે પણ શબ્દનો માર ભૂલાતો નથી. વાંસળીમાં એક એવો ગુણ છે કે, તે જ્યારે એકલી હોય,ત્યારે બોલતી નથી.તમે ઈશ્વરનું ધ્યાન કરો ત્યારે બોલશો નહીં. જીભથી ન બોલે, પણ મનથી ઘણા બોલે છે. મનથી ન બોલે તે ઉત્તમ મૌન એક સખી બોલી અલી સખી,તું જો તો ખરી,આ વાંસળીનો અવાજ સાંભળી આ વૃક્ષોમાંથી મધની ધારાઓ વહે છે.

કનૈયો વાંસળી વગાડે છે તેથી વૃક્ષોને પણ આનંદ થાય છે. એમની ન્યાતની દીકરી પરમાત્મા ની સાથે પરણી છે તેનો એ આનંદ છે!એ આનંદમાં વૃક્ષો અશ્રુવહાવે છે.આનો બીજો પણ અર્થકેટલાક સંતો કરે છે.તેઓ કહે છે કે,વૃક્ષો નાં આંસુ એ દુઃખનાં આંસુ છે. વૃક્ષોએ વિચાર્યું કે,વાંસનું મુખ્ય કામ ઘરને છાજવાનું છે.એ પરોપકારનું કામ મૂકીને વાંસળીએ તો ઘણા લોકો નાં ઘરને ઉજ્જડ કરવાનું શરૂ કર્યું છે.કારણકે લાલાની વાંસળી જેના કાન ઉપર પડી તેને પછી ઘર ગમતું નથી. આમ વિચારી વૃક્ષો શોકનાં આંસુ વહાવે છે.તો વળી બીજા મહાત્મા કહે છેકે,વાંસ તો ડૂબતાને બચાવે છે, તારે છે. ત્યારે આ વાંસળી તો બધાને આનંદરસ માં ડૂબાડે છે,તેથી વૃક્ષો દુઃખી થઈ ને રડે છે.

એક ગોપી બોલી, અલી સખી, તું જો તો ખરી, મારો કનૈયો વાંસળી વગાડે છે ત્યારે હરિણીઓ પાગલ થઈ દોડતી આવે છે. જો તો ખરી, કનૈયા ભણી જોતાં એમની આંખ ની પાંપણો પણ હાલતી નથી! ગોપીઓની દષ્ટિ કેવી સૂક્ષ્મ છે! હરિણીઓની પાંપણો હાલતી નથી. તે ઘરમાંથી જુએ છે. હરિણીઓ એકલી નથી,પણ તેમના પતિઓ પણ સાથે છે. તેથી ગોપી કહે છે, અલી સખી, મારા મનની એક ખાસ વાત તને કહું છું. આ હરિણીઓને તેમના પતિ અનુકૂળ છે, ત્યારે મારા પતિ મને પ્રભુસેવામાં પ્રતિકૂળ છે.મારા કરતાં વૃંદાવનની આ હરિણીઓ વધારે ભાગ્યશાળી છે! હરિણીઓ લાલાની પૂજા કરવા માગે છે. પાસે કોઈ નથી,પણ પોતાની આંખરૂપી કમળોથી તેઓ લાલાની પૂજા કરે છે.

પતિને પરમાત્મા પાસે લઈ જાય, સત્સંગમાં લઈ જાય તે હરિણી સાચી.એટલે તે પત્ની સાચી. પતિને પરમાત્માના માર્ગે વાળે, પતિના હાથે સત્કર્મ કરાવે તે જ પત્ની છે.પતિને કેવળ ભોગ વિલાસમાં ફસાવે તે પત્ની પતિની શત્રુ છે.

એક ધ્વનિ એવો પણ નીકળે છે કે, શ્રીકૃષ્ણસેવામાં હરિણીઓના પતિ હરિણીઓને સાથ આપે છે, ત્યારે ગોપીઓના પતિ એમનેસાથ આપતા નથી.ઊલટું,એમની શ્રી કૃષ્ણ સેવામાં,શ્રીકૃષ્ણ કીર્તનમાં કોઈવાર વિઘ્ન કરે છે.

વળી એક ગોપી બોલી,અરેસખી, શું કહું? બંસીનાદ સાંભળી ગાયો ઘાસ ખાવાનું છોડી દે છે અને પોતાના કાનરૂપી પડિયા દ્વારા બંસોના મધુર નાદનું પાન કરે છે. ભગવાનની પ્રેમમયી બંસીનો નાદ સાંભળી ગાયો આનંદભરપૂર થઈ આંખમાંથી પ્રેમાશ્રુઓ પાડેછે અને મોઢામાંનો ઘાસનો કોળિયો ચાવવાનું ભૂલી જાય છે.અરે, વાછરડાં ધાવવાનું છોડી દે છે.

અરે સખી,મારો કનૈયો જ્યારે વાંસળી વગાડે છે ત્યારે વૃંદાવન માં પક્ષીઓ કાંઈ અવાજ કરતાં નથી.મોટા મોટા ઋષિઓ પક્ષીઓ થઈ વૃંદાવનમાં આવ્યા છે.લીલા નિકુંજમાં તેઓ રાધેકૃષ્ણ રાધે કૃષ્ણ બોલતા ફરે છે ઘણાં પક્ષી ઓ તો તરસ લાગે તો પણ કોઈ રાધેકૃષ્ણ બોલે ત્યારે જ પાણી પીવા જાય છે.અરે સખી કેટલાંક પક્ષીઓ તો એવાં છેકે,તે વૃક્ષ પર થી નીચે ઊતરતાં નથી. જમુનાજીનું જળપાન કરવા પણ જતાં નથી.જળપાન કરવાજઈએ તેટલો સમય શ્રીકૃષ્ણનો વિરહ થાય એ એમનાથી ખમાતું નથી. ધન્ય છે એ પક્ષીઓને!તે વખતે યશોદામા ત્યાં આવે છે. તે કહે છે કે,હું રોજ કહું છું કે કનૈયા જોડા પહેરીને વનમાં જા, છતાં તે જોડા પહેરતો નથી. ત્યારે એક ગોપી બોલી,મા,તમે ચિંતા કરશો નહીં. કનૈયાનો એક મિત્ર એવો છે જે કનૈયાને માથે છત્રી રાખી ચાલે છે.

અરે સખી, એવો તે એનો કોણ મિત્ર છે? ગોપીઓ કહે છે,આ મેઘરાજ શ્રીકૃષ્ણનો ખાસ મિત્ર છે. કનૈયો જ્યાં જાય ત્યાં છાયા કરે છે.પણ ધરતી ઉપર ચાલવાનું એટલે તેને કષ્ટ થતું હશે ને?ના,ના ગિરિરાજ મહારાજ માખણ જેવા કોમળ થાય છે.કનૈયાનાં ચરણ સ્પર્શથી ગિરિરાજ કોમળ બને છે ગિરિરાજ કનૈયાની સેવા કરે, પણ ગાયોની,વૈષ્ણવોની પણ સેવા કરે છે,તેથી શ્રીકૃષ્ણને તો બહુ પ્રિય લાગે છે. ઠાકોરજીની સેવા કરે એ વૈષ્ણવોની સેવા કરે.એ મહા વૈષ્ણવ છે.

પરમાત્માનાં ચરણનો સ્પર્શ થાય છે,તેથી ગિરિરાજને રોમાંચ થાય છે.મા,ગિરિરાજ ઉપર ખાડા પડે છેએ ખાડા પૂરવાની દવા પણ કનૈયા પાસેછે.કનૈયો એવીવાંસળી વગાડે છે કે,તેના આનંદમાં ગિરિ રાજ ફૂલી જાય છે એટલે ખાડા પૂરાઈ જાય છે.

એકવાર એક ખેડૂત લાકડાં લેવા જંગલમાં ગયો,તેણે એક અદ્ભુત વસ્તુ જોઈ.શિયાળને બે પગ ન હોતા, છતાં તે ખુશીથી પોતાની જાતને સાથે ખેંચી રહી હતી.

જ્યારે તે કોઈ શિકારને પણ પકડી શકતો નથી ત્યારે તે કેવી રીતે જીવે છે,ખેડૂતે વિચાર્યું. ત્યારે તેણે જોયું કે એક સિંહ દાંતમાં શિકાર લઈને તેની તરફ આવી રહ્યો છે.બધા પશુઓ ભાગવા લાગ્યા,ખેડૂત પણ ઝાડ પર ચઢી ગયો.તેણે જોયું કે સિંહ શિયાળ પાસે આવ્યો.તેને ખાવાને બદલે, તેણે પ્રેમથી શિકારનો એક નાનો ભાગ ઉમેર્યો અને ચાલ્યો ગયો.

બીજા દિવસે પણ તેણે જોયું કે સિંહે પ્રેમથી શિયાળને ખોરાક આપ્યો અને ચાલ્યો ગયો.આ અદ્ભુત લીલા માટે ખેડૂતે મનોમન ભગવાનને નમન કર્યું. તેને સમજાયું કે ભગવાન જે બનાવે છે તેના માટે ભોજનની વ્યવસ્થા પણ કરે છે.

આ જાણીને તે પણ એક નિર્જન જગ્યાએ ગયો અને ત્યાં ચૂપચાપ બેસીને ખોરાકની શોધ કરી. ઘણા દિવસો વીતી ગયા અને કોઈ આવ્યુંનહિ.તેમણે દિવસો વીતતા ગયા,હું ક્યારે નહાયો? તે પાછો ફરવા લાગ્યો,મરવા લાગ્યો.પછી તે એક વિદ્વાન ઋષિને મળ્યો તેમણે તેને ખોરાક અને પાણી આપ્યું.ખેડૂત તેના પગે પડ્યો અને તેને શિયાળ વિશે કહ્યું અને કહ્યું, ×મહારાજ,ભગવાને તે અપંગ શિયાળ પર દયા કરી પણ હું મૃત્યુથી માંડ માંડ બચી ગયો. ભગવાન મારા પ્રત્યે આટલો નિર્દય કેમ બન્યા?×

મહાત્માએ ખેડૂતના માથા પર હાથ ફેરવ્યો અને સ્મિત સાથે કહ્યું તું એટલો મૂર્ખ બની ગયો છે કે તને ભગવાનનો સંકેત પણ સમજાયો નથી,તેથી જ તારે આટલી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો.તમે કેમ ન સમજ્યા કે ભગવાન તમને તે સિંહ જેવા મદદગાર વ્યક્તિ તરીકે જોવા માંગતા હતા,તે લાચાર શિયાળ જેવા નહીં.

વાચક ચાહક મિત્રો,આપણા જીવનમાં ઘણી વખત એવું બને છે કે આપણે વસ્તુઓને જે રીતે સમજવી જોઈએ તેનાથીવિપરીત સમજીએ છીએ.ભગવાને આપણને બધાને કેટલીક શક્તિ ઓ આપી છે જે આપણને મહાન બનાવી શકે છે. અસ્તુ

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડબ્રહ્મા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચુઅલ ઉપસ્થિતિમા 'કિસાન સન્માન સમારોહ' કાર્યક્રમ યોજાયો

# સાબરકાંઠામા પીએમ કિસાન સમ્માન નિધિ' યોજનામા કુલ ૧.૯૬ લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૩૯ કરોડથી વધુનો લાભ અપાયો





(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૪

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર અને કૃષિ વિભાગ, બિહાર સરકાર દ્વારા સંયુક્ત રીતે બિહારના ભાગલપુર ખાતેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની વર્ચુઅલ ઉપસ્થિતિમા પીએમ કિસાન સમ્માન નિધિ' યોજનાનો ૧૯મો હપ્તો ખેડૂતોના બેંક ખાતામા જમા કરવા 'કિસાન સન્માન સમારોહ× યોજાયો હતો. જે અંતર્ગત સાબરકાંઠામા સાંસદશ્રી શોભનાબેન બારૈયાની ઉપસ્થિતિમા જિલ્લાકક્ષાનો કિસાન સન્માન સમારોહ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડબ્રહ્મા ખાતે યોજાયો હતો.

બિહારના ભાગલપુર ખાતેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચુઅલ ઉપસ્થિતિમાં દેશના ૯.૮૦ કરોડથી વધુ લાભાર્થી ખેડૂતોને ૨૨,૦૦૦ કરોડથી વધુની રકમનો પી એમ કિસાન સન્માન નીધી યોજનાનો ૧૯ મો હપ્તો જમા કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતના ૫૧.૪૧ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૧,૧૪૮ કરોડથી વધુની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં સાબરકાંઠામા કુલ ૧.૯૬ લાખથી વધુ લાભાર્થીઓને ૩૯ કરોડથી વધુનો લાભ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમા સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયાએ જણાવ્યું હતું દેશને આત્મનિર્ભર બનાવવા માટે સરકારશ્રી દ્વારા વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વિકસિત ભારત બનાવવા માટે ખેડૂતો, મહિલાઓ, યુવાનો સહિત માટે વિવિધ યોજનાઓ અમલી છે. ખેડૂતોએ સમૃદ્ધ કરવા તથા ખેડૂતોના હિત માટે કિસાન સન્માન નિધિ યોજના અમલી બનાવી છે. જેનો લાભ જિલ્લા સહિત દેશના ખેડૂતમિત્રો લઈ રહ્યા છે.

કાર્યક્રમમા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલે જણાવ્યું હતું કે આજે દેશ કૃષિક્ષેત્રે અવિરત વિકાસ સાધી રહ્યો છે.આજે બિહારના ભાગલપુર ખાતેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચુઅલ ઉપસ્થિતિમા પીએમ કિસાન સમ્માન નિધિ' યોજનાનો ૧૯મો હપ્તો ખેડૂતોના બેંક ખાતામા જમા કરવામા આવ્યો છે.

જેમાં સાબરકાંઠા જિલ્લાના ખેડૂતલાભાર્થીઓને સીધા બેંક ખાતા મારફતે લાભ આપવામાં આવ્યો છે. ખેડૂતોની આર્થિક સદ્ધરતા માટે સરકાર આવનવા પ્રયાસો કરી રહી છે.

રાજય કક્ષાએથી મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે કૃષિ ભવન, ગાંધીનગર કચેરી ખાતે અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ 'કૃષિ પ્રગતિ-કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશનનું ઇ- લોકાર્પણ તથા ટેકાના ભાવે તુવેર ખરીદી માટે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

જિલ્લાકક્ષાના કાર્યક્રમમા મહાનુભાવોએ વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી.

તેમજ વિવિધ યોજનાના લાભાર્થીઓને યોજનાકીય લાભ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમા ઉપસ્થિત સૌ કોઈએ બિહારના ભાગલપુર ખાતેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા રાજય કક્ષાએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ કાર્યક્રમમા તાલુકા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, પ્રાંત અધિકારીશ્રી, ખેતીવાડી અધિકારીશ્રી સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં ખેડૂતમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

### પાલનપુરમાં નવસર્જન સંસ્થાનો સમારોહ યોજાયો

## સરકારી નોકરી મેળવનાર યુવકો અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, ધારાસભ્યએ સંસ્થાને જમીન આપવાની બાંહેધરી આપી




(ગરવી તાકાત) પાલનપુર તા.૨૪

પાલનપુરની એક ખાનગી હોટલમાં નવસર્જન સંસ્થા દ્વારા રોહિત સમાજનો ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થાના વડા પ્રિયંકાબેન અને વિદ્યાર્થિનીઓએ મહેમાનોનું ફૂલહાર અને કુમકુમ તિલક દ્વારા સ્વાગત કર્યું હતું. સંસ્થાની બહેનોએ સ્વાગત ગીત પર નૃત્ય રજૂ કર્યું હતું.

કાર્યક્રમમાં વિશિષ્ટ મહેમાનો તરીકે ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પૂર્વ મંત્રી ડૉ. દિનેશભાઈ પરમાર, ધારાસભ્ય અનિકેત ઠાકર, મામલતદાર કે.કે. રણાવાસિયા હાજર રહ્યા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી રામાભાઈ સોલંકી અને અધિક કલેકટર એન.ડી. પરમાર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન પાલનપુરના ધારાસભ્યએ નવસર્જન સંસ્થાને જમીન આપવાની બાંહેધરી આપી હતી.

નવી સરકારી નોકરી મેળવનાર યુવકો અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ હરજીભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ ખેંગારભાઈ રણાવાસિયા અને મહામંત્રી કુબેરભાઈ રણાવાસિયા કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. અમૃતભાઈ રાજવંશી અને જગદીશભાઈએ એંકર તરીકે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

### અંબાજી-આબુરોડ હાઈવે પર સ્કોર્પિયોનો અકસ્માત

## શીતળા માતા ઘાટી પાસે ટાયર ફાટતાં કાર પહાડ સાથે અથડાઈ, ચાલકને સામાન્ય ઈજા

(ગરવી તાકાત) અંબાજી તા.૨૪

દાંતા તાલુકાના અંબાજી-આબુરોડ હાઈવે પર આજે સાંજે એક સ્કોર્પિયો કારને ગંભીર અકસ્માત નડ્યો છે. શીતળા માતા ઘાટી નજીક ટર્નિંગ પર કારનું ટાયર ફાટી જતાં ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. આ કારણે વાહન રોડની સાઈડમાં આવેલા પહાડ સાથે ધડાકાભેર અથડાયું હતું.



બનાસકાંઠા જિલ્લાનો દાંતા તાલુકો મોટાભાગે પહાડી અને ઢાળવાળો વિસ્તાર છે. અહીં બેફામ વાહન ચાલકો અને પહાડી વિસ્તારને કારણે વારંવાર અકસ્માતો સર્જાતા રહે છે.

યાત્રાધામ અંબાજી જવા-આવવાના તમામ માર્ગો પહાડી વિસ્તારમાંથી પસાર થાય છે. અહીં ઘણી વખત વાહનોના બ્રેક ફેલ થવાના કે ઓવરલોડિંગના કારણે અકસ્માતો થતા હોય છે.

આ અકસ્માતમાં નસીબજોગે મોટી જાનહાની ટળી હતી. કાર ચાલકને માત્ર સામાન્ય ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત ચાલકને સારવાર માટે આબુરોડની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### અંબાજી માર્ગ પર ફરી પથ્થરમારાની ઘટના

## દર્શનાર્થીઓની કાર પર પથ્થરમારો થતા પાછળના અને બાજુના કાચને નુકસાન



(ગરવી તાકાત) અંબાજી તા.૨૪


અંબાજી મંદિરના દર્શન કરીને પરત ફરી રહેલા એક પરિવારની કાર પર રવિવારની રાત્રે ૧૦ વાગ્યે અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કર્યો હતો. આ ઘટના પાંછા વિસ્તાર નજીક બની હતી. પથ્થરમારાના કારણે કારના પાછળના અને બાજુના કાચને નુકસાન થયું હતું. કારચાલકે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું કે, તેમણે જીવના જોખમે ગાડી ભગાડી મૂકી હતી. ગભરાટના કારણે તેઓ પોલીસનો સંપર્ક પણ કરી શક્યા નહોતા. અંબાજી નજીક આવી ઘટનાઓ વારંવાર બને છે. તેમણે નિરાશા વ્યક્ત કરતા કહ્યું કે પોલીસને જાણ કરવાથી કોઈ ફરક પડતો નથી. આ પ્રકારની ઘટનાઓની પુનરાવૃત્તિને કારણે અંબાજી આવતા યાત્રિકોમાં ભયનો માહોલ છવાયો છે. સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા આ મામલે કડક પગલાં લેવાની માગ ઊઠી છે.

### મહાશિવરાત્રી પાવન અવસર પર, તમારા ઘરે સ્પીડ પોસ્ટ દ્વારા પ્રાપ્ત કરો

## શ્રી સોમનાથ, શ્રી કાશી વિશ્વનાથ અને શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગનો પ્રસાદ : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

મહાશિવરાત્રી પર શિવજીની આરાધના કરવાનો વિશેષ મહિમા છે. દરેક વ્યક્તિ ભગવાન શિવના જ્યોતિર્લિંગ સ્વરૂપના દર્શન કરવા અને આશીર્વાદ સ્વરૂપે પ્રસાદ મેળવવાની ઈચ્છા રાખે છે. પરંતુ કેટલાક ભક્તો ઈચ્છવા છતાં દર્શન કરી શકતા નથી. હવે આવા ભક્તોએ નિરાશ થવાની જરૂર નથી. પોસ્ટ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા, લોકો દેશના કોઈપણ ખૂણામાં, ગુજરાતના શ્રી સોમનાથ મંદિર, વારાણસીના શ્રી કાશી વિશ્વનાથ મંદિર, અને ઉજ્જૈનના શ્રી મહાકાલેશ્વર મંદિર નો પ્રસાદ ઘરે બેઠા મેળવી શકે છે. ઉપરોક્ત માહિતી ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે આપી. આ ઉપરાંત, મહાશિવરાત્રી પર પોસ્ટ ઓફિસમાંથી ગંગાજળની



સુવિધા પણ ઉપલબ્ધ છે. ૨૫૦ મિલી ગંગાજળની બોટલ ફક્ત ૩૦ રૂપિયામાં મેળવી શકાય છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે શ્રી સોમનાથ ટ્રસ્ટે ભારતીય ટપાલ વિભાગ સાથે ભક્તોને તેમના ઘરે પ્રસાદ પહોંચાડવા માટે કરાર કર્યો છે. આ કરાર હેઠળ, કોઈપણ ભક્ત ?૨૭૦ નો ઈ-મની ઓર્ડર મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ, જિલ્લો- જૂનાગઢ, ગુજરાત- ૩૬૨૨૬૮ ને મોકલીને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ મંગાવી શકે છે. ઈ-મની ઓર્ડર પર ×પ્રસાદ માટે બુકિંગ× લખેલું હોવું જોઈએ. ત્યારબાદ, શ્રી સોમનાથ ટ્રસ્ટ સંબંધિત ભક્તને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદનું ૪૦૦ ગ્રામનું પેકેટ મોકલશે. આ પ્રસાદમાં ૨૦૦ ગ્રામ મગસના લાડુ, ૧૦૦ ગ્રામ તલની ચીક્કી અને ૧૦૦ ગ્રામ માવા ચીક્કી હશે.શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ પણ સ્પીડ પોસ્ટ સેવા દ્વારા દેશભરના લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત, ફક્ત ?૨૫૧ નો ઈ-મની ઓર્ડર સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ પોસ્ટ ઓફિસ, વારાણસી (પૂર્વ) ડિવિઝન- ૨૨૧૦૦૧ ના નામે મોકલવાનો રહેશે. ઈ-મની ઓર્ડર મળ્યા પછી, પોસ્ટલ વિભાગ દ્વારા પ્રસાદ તરત જ સ્પીડ પોસ્ટ દ્વારા આપેલા સરનામે મોકલવામાં આવશે. ભારતીય ડાક સેવાના વરિષ્ઠ અધિકારી શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પ્રસાદમાં શ્રી કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગની છબી, મહામૃત્યુંજય યંત્ર, શ્રી શિવ ચાલીસા, ૧૦૮ દાણાની રુદ્રાક્ષ માળા, બેલપત્ર, માતા અન્નપૂર્ણા પાસેથી ભિક્ષા માંગતા ભોલે બાબાની છબી ધરાવતો સિક્કો, ભભૂતિ, રક્ષાસૂત્ર, રુદ્રાક્ષ મણકા, મેવા, સાકરનું પેકેટ વગેરેનો સમાવેશ થાય છે.પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે માહિતી આપી હતી કે ઉજ્જૈનના પ્રખ્યાત શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ મંદિરનો પ્રસાદ પણ પોસ્ટ દ્વારા મંગાવી શકાય છે. આ માટે, મેનેજેર, સ્પીડ પોસ્ટ સેન્ટર, ઉજ્જૈન ને ૨૫૧ નો ઈ-મની ઓર્ડર મોકલવાનો રહેશે અને બદલામાં ત્યાંથી સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ મોકલવામાં આવશે. આ પ્રસાદમાં ૨૦૦ ગ્રામ લાડુ, ભભૂતિ અને ભગવાન શ્રી મહાકાલેશ્વરજીની છબીનો સમાવેશ થાય છે.પોસ્ટ વિભાગે એવી પણ વ્યવસ્થા કરી છે કે શ્રદ્ધાળુઓને સ્પીડ પોસ્ટની વિગતો તેમના મોબાઈલ નંબર પર જીસ્જી દ્વારા મળી રહે. આ માટે, ભક્તોએ ઈ-મની ઓર્ડરમાં પોતાનું પૂરું સરનામું, પિન કોડ અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત રહેશે.

# સંક્ષિપ્ત સમાચાર

### શ્રી શ્રી પરમહંસ યોગાનંદજીનાં ક્રિયા યોગ તેમજ અન્ય ઉપદેશોના પ્રસાર માટે સંસ્થાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા સ્વામી ચિદાનંદજી



(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૪

અમદાવાદ, ૨૩ ફેબ્રુઆરીના રોજ યોગદા સત્સંગ સોસાયટી ઓફ ઈન્ડિયા/સેલ્ફ-રિયલાઈઝેશન ફેલોશીપ (YSS/SRF) ના પ્રમુખ અને આધ્યાત્મિક વડા, શ્રી શ્રી સ્વામી ચિદાનંદ ગિરીએ આધ્યાત્મિકતા અને ક્રિયા યોગ પર એક ઉત્થાનકારક આધ્યાત્મિક પ્રવચન આપ્યું, જેમાં ૯૦૦ ઉપસ્થિતોના વિવિધ પ્રેક્ષકોને સંબોધ્યા હતાં. લગભગ ૮૩૧૧ લોકોએ રૂજીજી યુટ્યુબ ચેનલ દ્વારા વિશ્વભરમાંથી આ પ્રવચનનું જીવંત પ્રસારણ પણ નિહાળ્યું હતું.

સ્વામી ચિદાનંદજીએ -"Meditation -the path toDivine Bliss and Abundance "પર આંતરદષ્ટિ પ્રગટ કરી.

'ક્રિયા યોગમ શરણં,' કહેતાં સ્વામીજીએ શ્રી શ્રી પરમહંસ યોગાનંદના ક્રિયા યોગ તેમજ અન્ય ઉપદેશોના પ્રસાર માટે સંસ્થાની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો.

વિશ્વ વિખ્યાત આધ્યાત્મિક ગુરુ, શ્રી શ્રી પરમહંસ યોગાનંદ, કે જેઓ શ્રેષ્ઠ વેચાણ ધરાવતા આધ્યાત્મિક ક્લાસિક ×યોગી કથામૃત× ના લેખક છે, તેમના દ્વારા ૧૦૦ વર્ષથી વધુ પૂર્વ આ આધ્યાત્મિક સંસ્થા (YSS/SRF) ની સ્થાપના કરવામાં આવી હતી.

## 'જમ્મુ અને કાશ્મીરમાં લાખો યુવાનો ડ્રગ્સના વ્યસની છે, દારૂ પર પ્રતિબંધ જરૂરી છે', પીડીપી

શ્રીનગર,તા. ૨૫

પીડીપી (પાર્ટી ડેમોક્રેટિક પાર્ટી) ના નેતા વહીદ ઉર રહેમાન પરાએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં બેરોજગારી ઘણી વધી ગઈ છે, અને અહીં ઘણા યુવાનો ડ્રગ્સની લત અને હતાશાનો ભોગ બન્યા છે. હાલમાં લાખો યુવાનો ડ્રગ્સના વ્યસની બની ગયા છે.

આ સમસ્યાનો સામનો કરવા અને સમાજને ગુનામુક્ત બનાવવા માટે, પરા એ સૂચન કર્યું કે જાહેર સ્થળોએ દારૂ પીવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ, કાશ્મીરને પ્રવાસીઓ અને મહિલાઓ માટે સલામત સ્થળ બનાવવું જોઈએ અને ડ્રગ્સ અને દારૂ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. વાહીદ પારાએ આશા વ્યક્ત કરી હતી કે આ મુદ્દો વિધાનસભામાં ઉઠાવવામાં આવશે કારણ કે તે એક સામાજિક સમસ્યા છે, અને સમાજમાં જાગૃતિ ફેલાવવાની જરૂર છે જેથી જમ્મુ અને કાશ્મીર ગુનામુક્ત સમાજ બની શકે.

## નેશનલ હાઇવે પર અકસ્માત સર્જાયો, મોતથી પરિવારમાં માતમ, ભાવનગરમાં પણ અકસ્માત

અમદાવાદ,તા. ૨૪

અમદાવાદ જીલ્લાના ધંધુકા રાણપુર રોડ પર અકસ્માત સર્જાતા ૧ મહિલાનું મોત થયું છે અને અન્ય ૨ લોકો ઘાયલ થયા છે. નાગનેશ ગામ પાસે ખાનગી બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા દુર્ઘટના સર્જાઈ છે. અકસ્માત થતાં લોકો ઘટનાસ્થળે દોડી ગયા છે. કારમાં સવાર ૫ લોકો નાગનેશ ગામના હોવાનું સામે આવ્યું છે. પોલીસ સૂત્રો મુજબ દીકરાના લગ્ન હતા ત્યારે માતાનું ઘટના સ્થળે મોત થતાં પરિવારમાં માતમ છવાયો છે. ઈજાગ્રસ્તોને ધંધુકા આરએમએસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ ઉપરાંત ભાવનગર જીલ્લામાં સોમનાથ નેશનલ હાઈવે પર અકસ્માત સર્જાયો છે. રાજપરા ગામ પાસે કારનો અકસ્માત સર્જાયો હતો જેમાં અકસ્માતમાં એક વ્યકિતનું મોત, અન્ય ૩ ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ મૃતક રાજુલા પંથકના હોવાનું સામે આવ્યું છે.

જયારે સુરેન્દ્રનગરમાં સાયલા નેશનલ હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. પશુ સાથે કાર અથડાતા કારમાં બેઠેલા ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. તો બીજી બાજુ કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં ૨ના મોત થયા હતા. સાયલા નેશનલ હાઈવે પર સામાન્યતઃ અકસ્માતથી મોતના બનાવો જોવા મળ્યા છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૩ અકસ્માતમાં ૫ન મોત થતાં ચકચાર મચી જવા પામી છે. પશુ સાથે કાર અથડાતા કારમાં બેઠેલા ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. તો કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં ૨ના મોત થયા હતા. વાહનો વચ્ચે અકસ્માત સર્જાતા ૭ને ઈજા પહોંચી છે.

## મુલાયમ સિંહ અંગે વિધાનસભામાં ટિપ્પણીને લઈને ભારે હોબાળો

લખનૌ,તા. ૨૪

સોમવારે ઉત્તર પ્રદેશ વિધાનસભાના બજેટ સત્રમાં ફરી મોટો હોબાળો થયો. જ્યારે યુપીના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી બ્રિજેશ પાઠકે સ્વર્ગસ્થ પૂર્વ મુખ્યમંત્રી મુલાયમ સિંહ યાદવના સમગ્ર નિવેદનની યાદ અપાવી ત્યારે વિપક્ષ ઉશ્કેરાઈ ગયો. સપાના ધારાસભ્યોએ ગૃહમાં હોબાળો મચાવ્યો. સપાના ધારાસભ્યો ગૃહમાં જ હડતાળ પર બેઠા હતા. વિધાનસભા અધ્યક્ષ સતીશ મહાનાએ સપા સભ્યોને બહાર જવાનો આદેશ આપ્યો. હકીકતમાં, પાઠકે કહ્યું, તેઓ છોકરાઓ છે, તેઓ ભૂલો કરે છે. મુલાયમ સિંહ યાદવના આ નિવેદન સાથે કેટલા સપા નેતાઓ સહમત છે? આના પર સપાના ધારાસભ્યો ઉશ્કેરાઈ ગયા.

બ્રજેશ પાઠકની ટિપ્પણી પર જ્યારે હોબાળો થયો, ત્યારે સપાના ધારાસભ્યોએ આરોગ્ય મંત્રીના રાજીનામાની માંગ કરી અને ગૃહમાં જ વિરોધ અને સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. સપા ધારાસભ્ય આરકે વર્માએ કહ્યું કે અમારી પાર્ટી વતી ડેપ્યુટી સીએમને સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, પરંતુ તેમણે જવાબ આપવાને બદલે નેતાજી પર ખોટી ટિપ્પણી કરી. અમે આનો વિરોધ કરીએ છીએ, જે વ્યક્તિ ગૃહમાં હાજર નથી અને દુનિયામાં હાજર નથી તેના વિશે આવી વાતો કરવી યોગ્ય નથી.

Volume : 10 Issue : 324 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002